### 3-ભાષા ફોર્મ્યુલા, 2-સ્તરનું ગણિત, વિજ્ઞાન ભાષાના અંતર અને શૈક્ષણિક કઠોરતા પર ચિંતા વ્યક્ત કરાઈ

# CBSEના પ્રસ્તાવિત નવા અભ્યાસક્રમને મિશ્ર પ્રતિસાદ

**ધોરણ** 6 થી ત્રણ-ભાષા ફોર્મ્યુલા લાગુ કરશે, વિદ્યાર્થીઓને ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓનો અભ્યાસ કરવાની જરૂર પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા 2026-27ના શૈક્ષણિક સત્રથી પ્રસ્તાવિત નવા અભ્યાસક્રમમાં મોટા ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે, જેને લઈને વાલીઓ અને શિક્ષણ નિષ્ણાતોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. નવી શિક્ષણ નીતિ હેઠળ તૈયાર કરાયેલા આ અભ્યાસક્રમમાં ભાષા શિક્ષણથી લઈને આધુનિક ટેકનોલોજી સુધીના વિષયો પર ખાસ ભાર મૂકાયો છે.

નવી વ્યવસ્થા મુજબ હવે ધોરણ 6થી ત્રણ-ભાષા ફોર્મ્યુલા અમલમાં આવશે, જેમાં વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓ ભણવી ફરજિયાત રહેશે. અંગ્રેજીને વિદેશી ભાષા તરીકે ગણવામાં આવશે અને અન્ય વિદેશી ભાષાઓને બીજી કે ત્રીજી ભાષા તરીકે પસંદ કરવાની મંજૂરી નહીં હોય. આ ફેરફારનો સીધો પ્રભાવ 2031માં ધોરણ 10ની બોર્ડ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પર પડશે.

અભ્યાસક્રમમાં કૌશલ્ય આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ધોરણ 9 અને 10માં કલા, વ્યવસાયિક અને શારીરિક શિક્ષણ ફરજિયાત રહેશે, જ્યારે 2027-28થી વ્યવસાયિક શિક્ષણ બોર્ડ પરીક્ષાનો ભાગ બનશે. સાથે જ કોમ્પ્યુટેશનલ થિંકિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને પણ મહત્વ આપવામાં આવ્યું છે, જે 2029થી ધોરણ 10ની પરીક્ષામાં ફરજિયાત બનશે.

આ ઉપરાંત, ધોરણ 9માં ગણિત અને વિજ્ઞાન માટે બે-સ્તરીય પદ્ધતિ અમલમાં આવશે. એડવાન્સ્ડ લેવલ પસંદ કરનાર વિદ્યાર્થીઓએ વધારાની 25 ગુણની પરીક્ષા આપવાની રહેશે. બોર્ડે કુલ 22 ભારતીય ભાષાઓનો વિકલ્પ પણ ઉપલબ્ધ કર્યો છે.

**વિદ્યાર્થી સ્માર્ટ, સ્કિલફુલ અને ફ્યુચર-રેડી બનશે**

પોતાના લેવલ મુજબ અભ્યાસ મળશે. ધોરણ ૯ થી ગણિત અને વિજ્ઞાન બે લેવલમાં આવશે, એટલે જે વિદ્યાર્થીને વિષય મુશ્કેલ લાગે તે બેઝિક લેવલ લઈ શકે અને જે આગળ વધવા માંગે તે એડવાન્સ લેવલ પસંદ કરી શકે. આથી ટેન્શન ઓછું અને સમજ વધુ સારી થશે. ધોરણ ૬ થી ૩ ભાષા શીખવાથી વિદ્યાર્થીને માતૃભાષા + બીજી ભારતીય ભાષા + અંગ્રેજીનો લાભ મળશે. ભવિષ્યમાં કેરિયર અને કોમ્યુનિકેશનમાં મદદરૂપ થશે. નવી શિક્ષણ નીતિ મુજબ રટણ પદ્ધતિ ઓછી અને સમજ અને પ્રેક્ટિકલ જ્ઞાન વધુ, વિદ્યાર્થી સાચી રીતે વિષય સમજી શકશે. એડવાન્સ લેવલથી કોમ્પેટીટિવ એક્ઝામ (જેઈઈ, નીટ) માટે મજબૂત આધાર બની શકશે. બેઝિક લેવલથી પાસ થવું સરળ થશે. સ્ટ્રેસ ઘટાડશે પોતાની ક્ષમતા મુજબ વિષય પસંદ કરી શકવાથી પ્રેશર ઓછું અને આત્મવિશ્વાસ વધારે થશે. **- રવિ વઢવાણા,** એજ્યુકેશન એક્સપર્ટ

**વિદ્યાર્થી માટે ગુજરાતી ભાષા મોડેથી શરૂ થવાને કારણે લર્નિંગ ગેપ પણ થઈ શકે છે**

વિદ્યાર્થીઓની ટેક્નોલોજી પર વધારે નિર્ભરતા વધશે. જે તેમની સ્વતંત્ર વિચારશક્તિમાં ઘટાડો કરી શકે છે. ગ્રામ્ય વિસ્તારોમાં આ સમસ્યાઓ વધુ જોવા મળી શકે છે. કારણ કે ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કમ્પ્યુટર, ઈન્ટરનેટની અછત હોવાથી આ વિષયનું યોગ્ય અમલીકરણ મુશ્કેલ બની શકે છે. સાથે સાથે વિદ્યાર્થી માટે ગુજરાતી ભાષા મોડેથી શરૂ થવાને કારણે લર્નિંગ ગેપ પણ થઈ શકે છે. ખાસ કરીને ગુજરાત જેવા રાજ્યમાં જ્યાં વિવિધ ભાષાના વિદ્યાર્થીઓ છે, ત્યાં આ નિયમ અમલમાં મૂકવો મુશ્કેલ થઈ શકે છે. ખાસ કરીને નોન-ગુજરાતી વિદ્યાર્થીઓ માટે ગુજરાતી શીખવી મુશ્કેલ બની શકે છે. ઓવર ઓલ જો આનુ અમલીકરણ યોગ્ય રીતે કરવામાં આવશે તોજ વિદ્યાર્થીને સારો એવો ફાયદો તથા વિદ્યાર્થીઓમાં સારો એવો વિકાસ જોવા મળી શકે છે. **- જસ્મિતા ચૌહાણ,** પેરેન્ટ્સ

# સયાજીગંજમાં યુવતીની લપડાક, યુવક સાથે મારામારીનો વીડિયો વાયરલ



(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં રાત્રી દરમિયાન થયેલી એક ચોંકાવનારી મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થયો છે. આ વીડિયોમાં એક યુવતી યુવક પર હુમલો કરતી તેને અપશબ્દો બોલીને માર મારતી જોવા મળી છે.

વડોદરા શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મારામારીની ઘટના સામે આવી છે. એક યુવતી દ્વારા યુવક સાથે મારામારી અને હુમલો કરાતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. તમાશો જોઈ રહેલા કેટલાક લોકોએ આ મારમારીનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. હાલ, વાયરલ થયેલા આ વીડિયોમાં યુવતી યુવકને અપશબ્દો બોલીને માર મારતી જોવા મળી છે. આ ઘટનાને લઈને વિસ્તારમાં ચર્ચાનો માહોલ સર્જાયો હતો. હાલ, વીડિયો વાયરલ થતા સયાજીગંજ પોલીસ એક્શનમાં આવી છે. પોલીસ દ્વારા વાયરલ વીડિયો અંગે ઘટનાની સાચી હકીકત જાણવા તપાસ શરૂ કરી છે. જોકે હાલ મારામારી અંગે હજુ સુધી સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

### એમએસયુના શિક્ષકો, પ્રવેશ સમિતિના સભ્યો તથા પ્રતિનિધિઓને માર્ગદર્શન અપાયું

# જીકાસ પોર્ટલ મારફતે કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા અંગે વિશેષ તાલીમ

**પ્રવેશ** પ્રક્રિયા સાથે સંકળાયેલા પ્રતિનિધિઓને જીકાસ પોર્ટલ અંગે વધુ સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ પ્રાપ્ત થયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

એમએસ યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ (જીકાસ) પોર્ટલ મારફતે કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયાને વધુ સુગમ, પારદર્શક અને વિદ્યાર્થીમૈત્રી બનાવવા વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ફેકલ્ટી ઓફ કોમર્સની કમ્પ્યુટર લેબમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ ફેકલ્ટીઓ તથા સંલગ્ન કોલેજોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જીકાસ પોર્ટલ આધારિત પ્રવેશ પ્રક્રિયાને ટેક્નોલોજી આધારિત, સુવ્યવસ્થિત અને સરળ બનાવવાનો હતો. જીકાસની ટેક્નિકલ ટીમ દ્વારા વિદ્યાર્થી નોંધણી, ઓનલાઈન ફોર્મ, મેરિટ જનરેશન, સીટ એલોટમેન્ટ અને ટ્રાન્સફર જેવી પ્રક્રિયાઓનું સવિસ્તર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાયોગિક પ્રદર્શન અને મોક ટ્રાયલ દ્વારા હાજર પ્રતિનિધિઓને પ્રક્રિયાની વ્યવહારુ સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ગયા વર્ષની પ્રવેશ પ્રક્રિયામાં આવેલી મુશ્કેલીઓ, ટેક્નિકલ અડચણો અને સંકલન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. પ્રતિનિધિઓએ પોતાના અનુભવ આધારે સૂચનો આપ્યા હતા, જેને જીકાસ સત્તાધીશો દ્વારા સ્વીકારી આવનારી પ્રક્રિયામાં જરૂરી સુધારાઓ કરવાની ખાતરી આપવામાં આવી હતી.

આ તાલીમ દ્વારા પ્રતિનિધિઓમાં આત્મવિશ્વાસ વધ્યો હોવાનું નોંધાયું હતું. પ્રવેશ પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુચારૂ બનાવવા માટે આવા કાર્યક્રમોને મહત્વપૂર્ણ ગણવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ડેપ્યુટી રજિસ્ટ્રાર જિગ્નેશ પટેલ સહિત અનેક શિક્ષકો અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

**પોર્ટલમાં સુધારેલા માળખા અને પ્રક્રિયાથી સરળતા રહેશે**

એમએસયુ પારદર્શક, સરળ અને મેરિટ આધારિત પ્રવેશ પ્રક્રિયા માટે તૈયાર છે. નવા પોર્ટલ અને સુધારેલી પ્રક્રિયાઓથી વિદ્યાર્થીઓને સરળ અનુભવ મળશે અને સંસ્થાઓ માટે કાર્યક્ષમતા વધશે. આવનારા પ્રવેશમાં વ્યાપક પ્રતિસાદની અપેક્ષા વ્યક્ત કરી. **- જીજ્ઞેશ પટેલ,** ડે. રજિસ્ટ્રાર, એકેડેમિક

### પત્તા પાના વડે હાર-જીતનો જુગાર રમતા ઈસમો વિરુદ્ધ પોલીસની લાલ આંખ

# બાપોદ પોલીસે જુગારધામ પર દરોડો પાડી 5 શખ્સોને ઝડપી પાડ્યા

49,000 થી વધુનો મુદ્દામાલ જપ્ત, રોકડ રકમ અને અન્ય સામગ્રી કબજે લેવાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.5

શહેરમાં અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસ કમિશનરની સૂચના હેઠળ કાર્યરત પોલીસ ટીમો દ્વારા સતત પેટ્રોલિંગ અને દરોડાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વડોદરાની બાપોદ પોલીસની ટીમે બાતમીના આધારે એક સ્થળે દરોડો પાડીને જાહેરમાં પત્તા પાના વડે હાર-જીતનો જુગાર રમતા કુલ પાંચ ઈસમોની ધરપકડ કરી છે.

બાપોદ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે કેટલાક ઈસમો એકત્રિત થઈને જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. જ્યાં પાંચ શખ્સો પત્તા પ્રેમીઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે આ તમામ શખ્સોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા ઝડપાયેલા આરોપીઓમાં સુનીલ માછી, અરુણ વસાવા, હર્ષદ માછી, પ્રવીણ રાજપૂત, અજય રાવલનો સમાવેશ થયો છે.

પોલીસે દરોડા દરમિયાન આ આરોપીઓ પાસેથી જુગારના સાહિત્ય સહિત કુલ રૂપિયા 49,220 નો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં અંગઝડતીની રોકડ રકમ, મોબાઈલ ફોન અને જુગાર રમવાના સાધનોનો સમાવેશ થાય છે. બાપોદ પોલીસે આ મામલે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની આ સફળ કામગીરીથી વિસ્તારના અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# VVIP વિસ્તારમાં મંજૂરી વગર ડ્રોન ઉડાવનાર શખ્સ ઝડપાયો

DJI કંપનીનું AIR 3S મોડેલનું ડ્રોન, રીમોટ કંટ્રોલ તથા બેટરીઓ કબ્જે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરમાં સુરક્ષા કારણોસર જાહેર કરાયેલા ડ્રોન પ્રતિબંધના જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર એક શખ્સને લક્ષ્મીપુરા પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી દ્વારા પોલીસ સ્ટેશનમાં કોઈ જાણ કર્યા વગર કે મંજૂરી લીધા વગર ડ્રોન ઉડાડવામાં આવ્યું હતું. જેને લઈને પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેર પોલીસ કમિશ્નર દ્વારા શહેરના વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, આર્મી કન્ટોનમેન્ટ તેમજ VVIP વિસ્તારોની સુરક્ષા માટે ડ્રોનના ઉપયોગ અંગે કડક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. તાજેતરની પરિસ્થિતિ અને દેશવિરોધી તત્વો દ્વારા ડ્રોનના દુરુપયોગની શક્યતાઓને ધ્યાનમાં રાખી આ જાહેરનામું અમલમાં મૂકવામાં આવ્યું છે.

આ દરમિયાન લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ કમલેશકુમાર ભીખાભાઈ તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમને બાતમી મળી હતી કે ન્યુ અલકાપુરી વિસ્તારમાં એક શખ્સ દ્વારા ડ્રોન ઉડાડવામાં આવી રહ્યુ છે. જેના આધારે પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. દરમિયાન સ્થળ પરથી તરુણ મોહન જાદવ (ઉ.વ. 43 રહે. ગોત્રી, વડોદરા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેના પાસેથી DJI કંપનીનું AIR 3S મોડેલનું ડ્રોન, રીમોટ કંટ્રોલ તથા વધારાની બેટરીઓ મળી આવી હતી. પોલીસે પૂછપરછ દરમિયાન આરોપીએ સ્વીકાર્યું હતું કે તેણે ડ્રોનનું Digital Sky એપમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, પરંતુ પોલીસ સ્ટેશનમાં કોઈ પૂર્વ જાણ કરી નહોતી તેમજ ડ્રોન ઉડાડતા પહેલા જરૂરી મંજૂરી લીધી ન હતી. પોલીસ દ્વારા અંદાજે રૂ.75 હજારનો ડ્રોન સેટ કબ્જે કરી આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જેનરિક દવાના નિકાસ સાથે પેકેજ્ડ ફૂડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટરને અમૂલ્ય તકો




**દક્ષિણ** આફ્રિકામાં ખાણકામ અને ઉત્પાદન માટે ખાસ કેમિકલ્સની તાતી જરૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.5

બરોડા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા વડોદરાના ઉદ્યોગસાહસિકો માટે સાઉથ આફ્રિકાના કાઉન્સોલેટ જનરલ સાથે વિશેષ સંવાદ યોજાયો હતો, જેમાં દક્ષિણ આફ્રિકામાં વ્યાપાર તકો પર ચર્ચા થઈ હતી.

એસોસિએશનના પ્રમુખ ડો. મુકુંદ પુરોહિતે જણાવ્યું કે, મુંબઈ સ્થિત સાઉથ આફ્રિકાના કાઉન્સોલેટ જનરલ ગિડિયન લબેનની આગેવાનીમાં આ સત્ર યોજાયું હતું. તેમાં દક્ષિણ આફ્રિકામાં ઔદ્યોગિક મશીનરી, પંપ, વાલ્વ, ઈલેક્ટ્રિકલ સાધનો, પેસેન્જર અને વ્યાપારિક વાહનો, તેમજ જેનરિક દવાઓ અને API માટે ઊંચી માંગ હોવાનું જણાવાયું. તેમજ દક્ષિણ આફ્રિકા કોલસા પરથી દૂર જઈ રહ્યું હોવાથી સોલર મોડ્યુલ્સ અને ગ્રીન એનર્જી સેવાઓ માટે નિકાસની મોટી તકો ઉભી થઈ રહી છે. ખાણકામ, કૃષિ અને ઉત્પાદન ક્ષેત્રમાં વૃદ્ધિને કારણે એગ્રોકેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ માટે પણ માંગ વધી રહી છે.

સાથે જ સોનું, પ્લેટિનમ અને મેંગેનીઝના ભંડારને કારણે સ્ટ્રેટેજિક મિનરલ પાર્ટનરશિપ્સ શક્ય છે. પ્રોસેસ્ડ ફૂડ્સ, પેકેજ્ડ કન્ઝ્યુમર ગુડ્સ અને પ્લાસ્ટિક્સ ક્ષેત્રે પણ ભારતીય ઉદ્યોગકારો માટે વિશાળ બજાર ઉપલબ્ધ છે.

# સિગ્નલ પર ઉભેલી ST બસ સાથે કાર ધડાકાભેર અથડાઈ, કારનો કચ્ચરઘાણ

**બસના** પાછળના ભાગના પતરા અને લાઈટોને નુકસાન






(પ્રતિનિધિ) વડોદરા. તા.5

વડોદરા શહેરના જેલ રોડ વિસ્તારમાં આજે એક અકસ્માત સર્જાયો હતો. ટ્રાફિક સિગ્નલ પર ઉભેલી ગુજરાત રાજ્ય પરિવહન નિગમની એસ.ટી. બસને પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલી એક ફોર-વ્હીલર કારે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો, જેના કારણે આસપાસના લોકોમાં ફાળ પડી હતી. સદનસીબે, આ ગંભીર દુર્ઘટનામાં મોટી જાનહાનિ ટળી છે, પરંતુ કારને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.


ઘટનાની વિગતો મુજબ, જેલ રોડ પર ટ્રાફિક સિગ્નલ લાલ થતા એસ.ટી. બસ નિયમ મુજબ ઉભી રહી હતી. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી એક ફોર-વ્હીલરના ચાલકે અચાનક બ્રેક મારવા છતાં સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી જ એસ.ટી. બસના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. અકસ્માતને પગલે રોડ પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

બસના પાછળના ભાગના પતરા અને લાઈટોને થોડું નુકસાન થયું છે. બસમાં સવાર મુસાફરોમાં આંચકાને કારણે ફફડાટ ફેલાયો હતો, પરંતુ તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. બસ સાથેની ટક્કર એટલી જોરદાર હતી કે કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. કારના બોનેટ અને બમ્પરના ફુરચા ઉડી ગયા હતા.

અકસ્માતની જાણ થતા જ જેલ રોડ પર તૈનાત ટ્રાફિક પોલીસ અને નજીકના પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પ્રથમ મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી અને ત્યારબાદ રોડની વચ્ચે ઉભેલા અકસ્માતગ્રસ્ત વાહનોને સાઈડમાં કરાવી ટ્રાફિક જામ હળવો કરાવ્યો હતો.

સામાન્ય રીતે જેલ રોડ પર સતત વાહનોની અવરજવર રહેતી હોય છે. જો આ ટક્કર બાદ કાર પલટી ગઈ હોત અથવા અન્ય વાહનો તેની લપેટમાં આવ્યા હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. વાહનચાલકોને ભીડભાડવાળા વિસ્તારોમાં વાહનની ગતિ મર્યાદિત રાખવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# "બહારના" પ્રમુખે અંદરની રાજનીતિ ગોઠવી દીધી! હવે વિરોધી ટોળકી કહે છે – 'આના કરતાં તો જુના જ સારા!'



વડોદરા ભાજપમાં એક સમય એવો હતો કે સંગઠન કરતાં 'સંગઠન વિરુદ્ધ' વધુ મજબૂત પાંખ સક્રિય હતી. રોજ કોઈને કોઈ મુદ્દે તણખા ઝરતા રહેતા, અને પક્ષની અંદર જ જાણે "મિની વિધાનસભા" ચાલુ હોય એવું વાતાવરણ બનતું. દરેક દિવસે નવો મુદ્દો, નવી નારાજગી અને નવી અંદરની રાજનીતિ – બધું જ નિયમિત કાર્યક્રમનો ભાગ બની ગયું હતું.

એવામાં નવા પ્રમુખ આવ્યા ત્યારે કેટલીક ટોળકીઓએ મનમાં શાંતિથી ગણિત બેસાડી દીધું હતું –

"આ તો રાજકીય અનુભવ વગરના છે હવે તો કામ સહેલું!"

વિચાર એવો હતો કે હવે સંગઠન નહીં, 'સિગ્નલ' પર રાજકારણ ચાલશે.

પણ થયું એનું ઉલટું જ.

શરૂઆતમાં જ એક મજબૂત પ્રચાર ચલાવવામાં આવ્યો કે નવા પ્રમુખ "બહારના" છે, તેમને વડોદરાનો ઈતિહાસ-ભૂગોળ ખબર નથી, સ્થાનિક રાજકારણ સમજાશે નહીં એટલે થોડા દિવસમાં બધું પાછું જૂના ટ્રેક પર આવી જશે.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

પરંતુ લાગે છે પ્રમુખશ્રીએ ભૂગોળ ભલે મોડું શીખ્યું હોય, પરંતુ સંગઠનનો નકશો ઝડપથી સમજી લીધો!


લોકસંપર્ક વધ્યો, કાર્યકરો સાથે સીધી વાતચીત શરૂ થઈ, અને ધીમે ધીમે સંગઠનમાં પોતાની પકડ મજબૂત થવા લાગી. હવે જે લોકો "બહારના"નો નારો લગાવતા હતા, તેઓ જ અંદરખાને ગણતરી બદલવા લાગ્યા.

હવે પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે પહેલાં જે લોકો અગાઉના પ્રમુખ સામે મોરચો ખોલીને બેઠા હતા, તેઓ જ હવે વસવસો કરતાં જોવા મળે છે:

"આના કરતાં તો જુના પ્રમુખ જ સારા હતા!"

રાજકારણમાં આ એક નવી જ સમજણ બહાર આવી છે – ક્યારેક જે નેતા 'નચાવાશે' એવું માનવામાં આવે છે, એ જ આખું સ્ટેજ બદલી નાખે છે અને પછી નચાવનારાઓ જ તાલ શોધતા રહી જાય છે!

### સેવક સાઈડલાઈન, શેઠિયા સેન્ટર સ્ટેજ! વડોદરાની રાજનીતિમાં હવે "લોકસેવા" નહીં, "લક્ષ્મીસેવા"ની સીઝન શરૂ?



વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગતા જ શહેરની રાજનીતિમાં અચાનક "સેવા"નો અર્થ થોડો બદલાઈ ગયો હોય તેવી ચર્ચા છે. વર્ષો સુધી બેનર બાંધનાર, ખુરશીઓ ગોઠવનાર અને સૂત્રોચ્ચાર કરનાર કાર્યકરો હવે સમજવા લાગ્યા છે કે તેમની મહેનત કદાચ માત્ર "વોર્મ-અપ એક્સરસાઈઝ" હતી – મેચ તો હવે શેઠિયાઓ રમશે!

શહેરના રાજકીય ગલિયારાઓમાં એવી ગરમ ચર્ચા છે કે આ વખતે ટિકિટ માટેનો મુખ્ય માપદંડ "લોકપ્રિયતા" નહીં પરંતુ "લિક્વિડિટી" બની શકે છે. હોટલ માલિકો, પેટ્રોલ પંપ સંચાલકો અને મોટા ટ્રસ્ટીઓએ જાણે ચૂંટણીને સામાજિક સેવા નહીં પરંતુ "પ્રોજેક્ટ ઈન્વેસ્ટમેન્ટ" તરીકે જોવાનું શરૂ કરી દીધું હોય એવું લાગી રહ્યું છે.


જે કાર્યકરો વર્ષોથી પક્ષ માટે રાત-દિવસ એક કરીને પોસ્ટર ચોંટાડે છે, સભાઓમાં લોકો ભેગા કરે છે અને નેતાઓના આગમન પહેલાં રસ્તા સાફ કરે છે – તેઓ હવે વિચારમાં પડી ગયા છે કે કદાચ આગળથી પોસ્ટર સાથે "બેલેન્સ શીટ" પણ લગાવવી પડશે!

ચર્ચા એવી પણ છે કે કેટલાક બેઠકો પર તો દાવેદારી કરતાં પહેલાં જ "ગોઠવણો" શરૂ થઈ ગઈ છે. એટલે હવે પ્રશ્ન એ નથી કે કોણ લોકપ્રિય છે – પ્રશ્ન એ છે કે કોણ વધુ "પ્રભાવશાળી" છે. અને પ્રભાવશાળીનો અર્થ અહીં મતદારો નહીં, પરંતુ નોટોના બંડલોથી માપવામાં આવી રહ્યો છે એવી ટિપ્પણીઓ લોકમુખે થઈ રહી છે.

શહેરની મોટી શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા માંધાતાઓ પણ હવે ટિકિટ માટે સક્રિય થયા છે. એવું લાગે છે કે લોકસેવાના પ્રમાણપત્ર સાથે "ફાઈનાન્શિયલ ફિટનેસ સર્ટિફિકેટ" પણ જરૂરી બની ગયું છે.

હવે મતદારોમાં સવાલ ઉઠી રહ્યો છે – જો ટિકિટ "ખર્ચ કરવાની ક્ષમતા"ના આધારે મળશે, તો પછી ચૂંટાયા બાદ "કામ કરવાની ઈચ્છા" ક્યાંથી આવશે? હાલ તો વડોદરાની રાજનીતિમાં એક જ ચર્ચા છે: આ વખતે ટિકિટ સેવકને મળશે કે શેઠિયાને? કે પછી સેવા અને સંપત્તિ વચ્ચેની આ સ્પર્ધામાં જીત હંમેશાની જેમ સંપત્તિની જ થશે?

### બુટલેગરના મોબાઈલમાંથી 'માનીતા' પોલીસકર્મીનું નામ નીકળતાં તંત્રમાં ચા ઠંડી, ઊંઘ ગરમ!



વડોદરા શહેરને વર્ષોથી "સંસ્કારી નગરી" તરીકે ઓળખ આપવામાં આવે છે. પરંતુ લાગે છે કે હવે આ સંસ્કારોએ નવું સ્વરૂપ ધારણ કરી લીધું છે – જ્યાં વિદેશી દારૂના કરોડોના જથ્થા સાથે "સંસ્કારી" સેટિંગ્સ પણ પેકેજમાં મળી રહે છે!

તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા થયેલી કાર્યવાહી બાદ શહેર પોલીસ તંત્રમાં એવી હલચલ મચી છે કે જાણે કોઈએ એલાર્મ ઘડિયાળને "સ્નૂઝ"માંથી સીધું "સાયરન મોડ" પર મૂકી દીધું હોય. સામાન્ય રીતે આવી રેડને "રૂટીન કાર્યવાહી" ગણવામાં આવે છે, પરંતુ આ વખતે મામલો થોડો વધારે જ "સ્પેશિયલ" નીકળ્યો.

લીસ્ટેડ બુટલેગર સહિત છ આરોપીઓ ઝડપાયા – એ સુધી તો બધું ઠીક હતું. પરંતુ સાચો સસ્પેન્સ તો ત્યારે શરૂ થયો, જ્યારે મુખ્ય આરોપીના મોબાઈલમાંથી પોલીસ વિભાગના જ એક "માનીતા" કર્મચારીનું નામ બહાર આવ્યું. હવે પ્રશ્ન એ છે કે આ માન-સન્માન કામ માટે મળ્યું હતું કે કામ કરાવવા માટે?


શહેરમાં ચર્ચા એવી પણ છે કે આ મહાશય માત્ર કર્મચારી નહીં, પણ દારૂના વ્યવસાય માટે "વીઆઈપી પાસ" સમાન કડી હતા. એમની મંજૂરી વગર શહેરમાં પાંદડું પણ હલતું ન હતું – તો પછી દારૂના ટ્રકો તો શું વાત!

આથી સ્વાભાવિક રીતે જ સવાલો ઉભા થયા છે: કેટલાક અધિકારીઓ ખરેખર અજાણ હતા કે "ગાંધારી મોડ"માં આંખ પર પટ્ટી બાંધીને ફરજ બજાવી રહ્યા હતા? કે પછી પટ્ટી પાછળથી બધું જ સ્પષ્ટ દેખાતું હતું?

વડોદરામાં દારૂની રેલમછેલ પાછળ આવી "એડમિનિસ્ટ્રેટિવ ક્રિએટિવિટી" કેટલી ઊંડે સુધી છે તે હવે તપાસમાં બહાર આવશે એવી આશા રાખવામાં આવી રહી છે. પરંતુ જનતાને એક ડર પણ છે – ક્યાંક આ મામલો પણ થોડા દિવસમાં "ફાઈલ ટ્રાન્સફર" થઈને ઠંડા બસ્તામાં આરામ કરવા ન જઈ બેસે!

હાલ તો એસએમસીની એન્ટ્રી બાદ વડોદરા પોલીસ તંત્રમાં ઊંઘ ઉડી ગઈ છે – અને શહેર રાહ જોઈ રહ્યું છે કે આ વખતે ખરેખર કાર્યવાહી થશે કે ફક્ત ચર્ચાઓ જ "એક્શન" તરીકે ગણાશે.

### જનતાની સેવા કે નેતાની સેવા? ટિકિટ માટે હવે "ચાકરી સર્ટિફિકેટ" જરૂરી? વડોદરાની રાજનીતિમાં નવી લાયકાત બહાર!




વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી નજીક આવતાં રાજકીય ગરમાવો એટલો વધી ગયો છે કે હવે ટિકિટ માટે કાર્યકરોએ કામનો રિપોર્ટ નહીં, પણ "નેતાજીની સેવા"નો અનુભવપત્ર તૈયાર રાખવો પડે એવી ચર્ચા જોર પકડી રહી છે.

શહેરના એક પીઢ અને વૃદ્ધ નેતા છેલ્લા કેટલાક દિવસોથી એટલા સક્રિય બન્યા છે કે લોકો આશ્ચર્યમાં પડી ગયા છે – કારણ કે તેઓ ચૂંટણી લડવા નહીં, પરંતુ પોતાના "ડાબા-જમણા હાથ" સમાન પૂર્વ કાઉન્સિલરોને ફરી સત્તામાં બેસાડવા માટે જાણે મિશન મોડમાં આવી ગયા છે. લાગે છે કે નિવૃત્તિનો સમય નજીક આવ્યો હોય, પણ નિયંત્રણ છોડવાનો વિચાર હજુ આવ્યો નથી!

ચર્ચા એવી છે કે આ નેતાજી માટે હવે કામગીરી, લોકપ્રિયતા કે વિસ્તારના પ્રશ્નો ગૌણ બની ગયા છે. મુખ્ય લાયકાત એક જ છે – વર્ષોથી કોણ કેટલું "વ્યક્તિગત સમર્પણ" બતાવ્યું છે! એટલે હવે જનતાની સેવા કરતાં નેતાની સેવા વધુ વજનદાર બની ગઈ હોય એવું લાગી રહ્યું છે.

રાજકીય ગલિયારાઓમાં તો એવી ટિપ્પણીઓ પણ થઈ રહી છે કે નેતાજીએ હાઈકમાન્ડનું "નાક દબાવવાની" નવી ટેકનિક શોધી કાઢી છે – જાહેરમાં વિવાદાસ્પદ નિવેદનો કરીને દબાણ બનાવો અને પછી પોતાના ઉમેદવારો માટે રસ્તો સાફ કરો. આને રાજકીય ભાષામાં "અનુભવી સ્ટ્રેટેજી" કહેવું કે "સીધી બ્લેકમેલિંગ પોલિટિક્સ" – એ વિષય પર હજુ ચર્ચા ચાલુ છે. સામાન્ય કાર્યકરોમાં પણ સવાલો ઉઠવા લાગ્યા છે: શું હવે પક્ષમાં આગળ વધવા માટે મેદાનમાં કામ કરવું જરૂરી નથી, માત્ર નેતાજીની આજુબાજુ ફરવું પૂરતું છે? શું નવા ચહેરાઓ માટે રાજકારણના દરવાજા બંધ રાખવાની પરંપરા જ ચાલુ રહેશે? હવે સૌથી રસપ્રદ પ્રશ્ન તો એ છે – પક્ષ હાઈકમાન્ડ આ દબાણ સામે "શિસ્ત" બતાવશે કે "સમજદારી" બતાવશે? કે પછી અંતે ફરીથી જીત "માનીતાઓ"ની જ થશે અને જનતા માત્ર દર્શક બની રહેશે?